ટેન્ડર ફોર્મ ફી રૂા.૨૦૦૦/-

# ભાવનગર યુનિવર્સિટી

**NAAC ACCREDITED BY "B" GRADE**

**ભાવનગર**

**ઉતરવહી છાપકામ માટેનું ટેન્ડર વર્ષ-૨૦૧૧**

**ટેન્ડર ફોર્મ આપવાની છેલ્લી તા. ૦૩ -૦૧ -૨૦૧૨**

**સમય :- બપોરે : ૨ વાગ્યા સુધી**

# ભાવનગર યુનિવર્સિટી

## <u>ઉતરવહી છાપકામ માટેના ટેન્ડરની શરતો</u>

## <u>સને ૨૦૧૧</u>

(૧) ટેન્ડર ફોર્મ સાથે ટેન્ડર ડીપોઝીટ રૂા. ૫૦,૦૦૦/રોકડેથી અથવા કુલસચિવશ્રી ભાવનગર

યુનિવર્સિટી ભાવનગરના નામનો ડ્રાફટથી ભરવાના રહેશે.જે ટેન્ડર મંજૂર ન થાય તેને પરત કરવામાં આવશે.ટેન્ડર મંજૂર થયેથી સીકયોરીટી ડીપોઝીટ રૂા. ૭૫૦૦૦ / ડી.ડી થી જમા કરાવવાના રહેશે. જેના ઉપર કોઈ વ્યાજ આપવામાં આવશે નહી. જે કોન્ટ્રાકટ પુરો થયા બાદ પરત કરવામાં આવશે.

(૨) ટેન્ડર ફોર્મ ભરીને બંધ કવરમાં કવર ઉપર **ઉતરવહીના ભાવો** તેમ લખીને

તા.<u>૦૩–૦૧–૧૨</u>ના રોજ યુનિવર્સિટીના સામાન્ય વિભાગમાં સાંજના ૧૭.૦૦ કલાક સુધીમાં રૂબરૂ/પોસ્ટ/કુરીયરથી પહોંચતા કરવાના રહેશે. સમય મર્યાદા બાદ આવેલ ટેન્ડરો સ્વીકારવામાં આવશે નહી.

(૩) ઉપરોકત ઉતરવહીઓ ૨૪ પેઈજની ૩૦ નંગના પેકીંગમાં પ્લાસ્ટીક તેમજ કંતાન પેકીંગમાં પેક કરી પેકીંગ ઉપર થી સીરીયલ નંબરો લખી આપવાના રહેશે.જેમા મુખ્ય ઉતરવહી ૩૦૦ ના પેકીંગમાં પ્લાસ્ટીક દોરીથી પીનઅપ કરીને મુખ્ય ઉતરવહીના નવા પેકેટની ઉપર કોમ્પ્યૂટરાઈઝડ નંબરો સ્ટીકર પર લખીને મોકલવા તથા પરીક્ષા વિભાગના સ્ટ્રોંગ રૂમમાં પેકેટના નંબર પ્રમાણે જ, આડા–અવડા નહી મુકતા સીરીયલ પ્રમાણે જ મુકવાના રહેશે.

(૪) આ ઉતરવહીઓ તા.૩૦–૦૧–૧૨ સુધીમાં ૫૦૦૦૦ (૨) તા.૧૫–૦૨–૧૨ સુધીમાં બીજી ૫૦૦૦૦/– (૩) તા.૨૮–૦૨–૧૨ સુધીમાં ત્રીજી ૫૦૦૦૦ (૪) તા.૧૫–૦૩–૧૨ સુધીમાં ૫૦૦૦૦ (૫) તા.૩૧–૦૩–૧૨ સુધીમાં ૧લાખ પૂરી પાડવાની રહેશે. અન્યથા અઠવાડિયા દીઠ કુલ રકમના ૦.૨૫ ટકા મુજબ ડીલે ચાર્જ વસૂલ કરવામાં આવશે.

(૫) આપના ભાવો આ ટેન્ડર ફોર્મ માં જ ભરીને આપવાના રહેશે. અન્ય રીતે ભાવો સ્વીકારવામાં આવશે નહી.

(૬) ટેન્ડરમાં કોઈપણ જાતની છેક છાક કરેલ હશે તે ટેન્ડર સ્વીકારવામાં આવશે નહી.

(૭) ઉતરવહીના નમુનાઓ સ્ટોર્સ વિભાગમાંથી રૂબરૂ જોવા મળશે તે મુજબ ઉતરવહી છાપીને ત્થા નંબરીંગ કરીને આપવાની રહેશે.અન્યથા સીકયોરીટી ડીપોઝીટ અંશતઃ અથવા પૂરેપૂરી જપ્ત કરવામાં આવશે.

(૮) આપના ભાવો, કાગળ,પ્રિન્ટીંગ,સિલાઈ,પેકીંગ સાથે યુનિવર્સિટી કાર્યાલય, ત્થા યુનિવર્સિટી સંચાલિત કોલેજોમાં પહોંચતાના આપવાના રહેશે, ત્થા તમામ વેરાઓ સાથેના ભાવો આપવાના રહેશે.

(૯) કોઈપણ એક અથવા બધા ટેન્ડર કોઈપણ કારણ દર્શાવ્યા વગર અંશતઃ અથવા પૂરેપૂરા મંજુર અથવા નામંજૂર કરવાનો અબાધિત અધિકાર કુલસચિવશ્રી ને રહેશે.

(૧૦) આ ટેન્ડરની શરતોના અર્થઘટન ત્થા કોન્ટ્રાકટ અંગેનો કોઈ વિવાદ ઉપસ્થિત થશે તો કુલસચિવશ્રી, ભાવનગર યુનિવર્સિટી, ભાવનગરનો નિર્ણય આખરી અને સંબધિત તમામને બંધનકર્તા રહેશે.

(૧૧) આ કામગીરી અત્યંત અગત્યની ત્થા ગોપનીય પ્રકારની હોઈ ટેન્ડર મંજૂર થયેથી ગુપ્તતા જાળવવાની સંપૂર્ણ લેખિત બાંહેધરી સ્ટેમ્પ પેપર ઉપર આપવાની રહેશે.

(૧૨) ઉતરવહી ઉપર (પહેલા પાનાના મથાળે) ` **ભાવનગર યુનિવર્સિટી** બાર કોડમાં તથા યુનિક નંબર મુજબ નમૂના પ્રમાણે છાપવાનું રહેશે.

(૧૩) ઉતરવહીની દરેકના ઉપર પાનાના મધ્યમા મોટા અક્ષરમાં અને પાનાની નીચે નાના અક્ષરમાં પાના નંબર છાપવો(નમૂના પ્રમાણે) તથા પાનાનું કલર કોમ્બીનેશન જાળવવું

(૧૪) ઉતરવહીઓના માર્જીનમાં ઝીણા અક્ષરે યુનિવર્સિટીનું નામ સળંગ લાઈનમાં છાપવું (નમૂના પ્રમાણે)

(૧૫) ડીસ્પેચ સિક્રેટ કોડ અને પાછળના પાને સિક્રેટ કોડ છાપવો. ઉતરવહીઓના સિલાઈના દોરામાં સિક્રેટ કલર કોડનો ઉપયોગ કરવો.

(૧૬) ઉતરવહી માટે કાગળ ૭૦ જી.એસ.એમ. ઓરીએન્ટ ડાયમંડ ટચ વાપરવાનો રહેશે. તેમજ

તેમજ કાગળનો નમુનો ટેન્ડર સાથે રજુ કરવાનો રહેશે.

ઉપરોકત નિયમો મને બંધનકર્તા રહેશ.

ટેન્ડર ભરનારની સહીઃ

નામઃ–

આ વિગતો પ્રેસે ભરવાની રહેશે.:–

## ઉતરવહી ટેન્ડર ફોર્મ

(૧) પ્રેસનું નામ :____________________

(૨) પ્રેસનુ સરનામુ :____________________

____________________

(૩) (એ) ટેક્ષ નંબર : ____________________

(બી) સર્વિસ ટેક્ષ નંબર ____________________

(સી) પાન નંબર ____________________

**છાપકામની વિગતઃ–**

| ક્રમ | વિગત | પેઈજ | સંખ્યા | ભાવરૂા.(૧૦૦૦ નંગના) |
|---|---|---|---|---|
| ૧ | મુખ્ય ઉતરવહી<br>૭૦જી.એસ.એમ ઓરીએન્ટ ડાયમંડ ટચ પેપર | ૨૪ | ૩,૦૦,૦૦૦ | |
| | | | | |

**નોંધઃ કાગળનો નમૂનો ટેન્ડર સાથે સામેલ કરવાનો રહેશે.**

ટેન્ડરની તમામ શરતો અમોએ વાંચેલ છે અને માન્ય રાખેલ છે.

______________________________

પ્રેસનો સિકકો અને સહી